# BUSINESS મિત્ર Plus

## આરબીઆઇની દરમિયાનગીરીથી ડોલર સામે રૂપિયો ઉછળ્યો : શેરો-સોનાચાંદીમાં સુસ્ત ચાલ

રિઝર્વ બેન્કના આક્રમક પોલીસી ઇન્ટરવેન્શનને કારણે રૂપિયામાં મંદી અટકી શાનદાર ઉછાળો આવ્યો હતો. રિઝર્વ 10 એપ્રિલ સુધીમે બેન્કોએ ડોલરની આઉટસ્ટેન્ડિંગ શોર્ટ પોઝિશન (મંદીના ઓળિયા)ને ઘટાડીને 100 મિલિયન ડોલર નીચે લાવી દેવાના રહેશે. અંદાજે દસેક દિવસ પહેલાના આ અણધાર્યા આદેશને કારણે બેન્કોને પોઝિશન કાપવા માટે બહુ ઓછો સમય મળ્યો. સોમવારે જ રૂપિયામાં મજબૂત દેખાવા લાગી અને સપ્તાહના આખરના બે-ત્રણ દિવસમાં રુપિયો 92.82 થઇ 93.10 બંધ બતો. 95.22ના બોટમથી રૂપિયો ઝડપી 2.10 સુધરી છેલ્લે 1.80 પૈસાના વધારા સાથે બંધ હતો. રિઝર્વ બેન્કે ડોલર વેચીને દરમિયાનગીરી કરવા કરતા ડોલર બચાવીને અને પોલીસી મુવ -કલમના ઝાટકે દરમિયાનગીરી કરતા કરન્સી સ્પેક્યુલેટર્સ ઉંઘતા ઝડપાયા હતા. રિઝર્વ બેન્કે રૂપિયાના શોર્ટ સેલરને બહુ કડક મેસેજ આપ્યો છે. રિઝર્વ બેન્કે એક્સપોઝર લિમિટ ઘટાડી દીધી છે એને કારણે બજારની લિકવીડીટી ડેપ્થ કદાચ પ્રભાવીત થઇ શકે. ચાલુ ખાતાની ખાધ, ચૂકવણીની તુલા પર દબાણ જેવા બાહ્ય પરિબળોની વિપરીત અસર થાય તો આગળ પર રૂપિયામાં દબાણ આવી શકે. યુક્રેન-રશિયા વોરને કારણે ત્રણેક વરસથી કિફાયતી ભાવે રશિયન ક્રુડ મળતુ હતુ એનાથી ભારતને પેટ્રોલિયમ આયાત અંકૂશમાં રાખવામાં ઘણી રાહત મળી પણ ગત વરસે ભારત પર વધારાની ટેરિફ નખાયા પછી અને રશિયાને બદલે સાઉદી અને વેનેઝુએલાથી ક્રુડ આવવા લાગ્યું, રૂપિયાની મંદી અને ખાસ કરીને ગલ્ફવોર પછી ઓઇલ ટેન્કરોના ભાડામાં અસહ્ય વધારો થતા, ડિઝલ, નેપ્થા, ઇથીલીન જેવા



પેટ્રોપેદાશોના કાચા માલમાં વધારો થતા આગલ પર ચાલુ ખાતાની ખાધ પર દબાણ આવી શકે. જો યુધ્ધ વધુ એકાદ મહીનો લંબાય જાય તો સેકન્ડ હાફમાં રૂપિયો પર દબાણ વધી શકે. આમ પણ છેલ્લા છ-સાત માસમાં એફઆઇઆઈની જોરદાર વેચવાલી, કોમોડિટી-એનર્જી ઇન્ફલેશન જોતા રૂપિયો ચાલુ વરસના આખર કે મધ્ય ભાગમાં 95-98 સુધી જવાની પ્રબળ સંભાવના છે. અખાત યુધ્ધને 5 વીક થઇ ગયા છે. અમેરિકા કે નાટો જેવા સુપર પાવર 4 વીક પછી પણ હોરમુઝ નાકાબંધી ખોલાવી શકયા નથી. બ્રેન્ટ ક્રુડઓઇલ 119 ડોલર -છ માસમાં બમણું થઇ ગયું છે. એમસીએક્સ ક્રુડ 10600, લાઇફટાઇમ હાઇ થઇ ગયું છે.

શેરબજારની વાત કરીએ તો બજારમાં ધીમો ઘસારો અને બેતરફી વધઘટ પ્રભાવી રહ્યા છે. નિફ્ટીમાં 22100-22250 સપોર્ટ એરિયા અને 22500-550 રેઝિસ્ટન્સ એરિયા છે. ટીસીએસના પરિણામો 9એપ્રિલ છે. અર્નિંગ સિઝન શરુ થઇ રહી હોઇ કોર્પોરેટ પરિણામો પર ફંડ હાઉસની નજર રહેશે. રિઝર્વ બેન્કની બેઠક 6-8 એપ્રિલે છે. વ્યાજદરમાં બદલાવની શકયતા ઓછી છે પણ ગાઇડન્સ કેવું રહે એના પર બજારની નજર છે.

અમેરિકામાં વપરાશી ફુગાવો એક ટકા મંથ ઓન મંથ વધીને ચાર વરસની ઉંચી સપાટી જવાની શકયતા છે.

ઘરઆંગણે પણ ફુગાવો વધવા તરફી ટ્રેન્ડ છે. જાન્યુઆરીમાં

**બિરેન વકીલ**

વપરાશી ફુગાવો 2.74 હતો જે ફેબ્રુઆરીમાં 3.21 ટકા થયો. માર્ચ માટે ફુગાવો 3.5-3.6 આવી શકે છે. ઐતિહાસીક પરિપેક્ષ્યમાં જોઇએ તો 2012-13માં ફુગાવો 12.17 ટકા હતો. 1974માં હાઇપર ઇન્ફલેશન- વોર- અમેરિકી ડોલર ડિવેલ્યુએશન- દુષ્કાળ જેવા સમયે ફુગાવો વધીને 28.60 ટકા થઇ ગયો હતો. પાછલા બે વરસથી ફુગાવો ધીમે ધીમે ઘટતો જાય છે પણ આગામી બે-ત્રણ કવાર્ટરમાં ગલ્ફ વોરની અસર રુપે 4-6 ટકાની રેન્જમાં આવી જાય એ શકય છે.

બુલિયન-કોમોડિટીઝ બજારોની વાત કરીએ તો સોનાચાંદીમાં તાજેતરની તેજી ઓસરી હવે બજારો બેતરફી અફડાતફડી વચ્ચે અથડાઇ ગયા છે. ચાંદીની રેન્જ 2.30-2.50 લાખ અને એમસીએક્સ સોનાની રેન્જ 1.44-1.58 આસપાસ અને લંડન સ્પોટ સોનું અનુક્રમે 4200-5200, ચાંદી 66-82 ડોલરની

### એમસીએક્સ ક્રુડ 10500ની ઓલટાઇમ હાઇ પર- હોરમુઝ ક્રાઇસીસ લંબાતા ખાતરો-એગ્રીકોમોડિટીમાં તેજી

એક્સપાન્ડેડ રેન્જમાં દેખાય છે. કોપર, ઝિંક વગેરે મેટલ્સમાં ઔદ્યોગિક મંદીના ભણકારા વચ્ચે સુસ્તી છે. એલ્યુમિનિયમમાં ધીમી પણ મક્કમ તેજી છે. ગલ્ફ વોરમાં ઇરાને બહેરીન, દુબઇ, કુવૈત વગેરે એલ્યુમિનિયન સ્મેલ્ટર્સને નુકસાન પહોચાડતા લંડન એલ્યુમિનિયમ 4 વરસની ઉંચી સપાટીએ છે. એમસીએક્સ એલ્યુમિનિયમ 359 આસપાસ ઓલટાઇમ હાઇ નજીક છે.

ગલ્ફવોરને કારણે એગ્રીકોમોડીટીઝ, ખાસ કરીને ખાદ્યતેલો- તેલીબીયા અને ગવાર- મસાલા જેવી કોમોડિટીઝમાં સટ્ટાકીય તેજીનો વંટોળ ફુંકાયો છે. સરસવ 6500થી વધીને 7800, સરસવતેલ 1310થી વધીને 1540, સોયા રિફિન 1300થી વધીને 1540, ગવાર 5300થી વધીને 5800, ધાણા 8000થી વધીને 13000, ગવાર 4600થી વધીને 5700, સોયાબીન 4800થી વધીને 5700, કપાસીયા ખોળ 2800થી વધીને 3600 થઇ ગયો છે.

ક્રુડઓઇલમાં આગઝરતી તેજીને કારણે બાયોફ્યુલમાં ખાદ્યતેલોની ખપત વધવાની ધારણા તેમજ ખાતરોમાં અમેરિકામાં યુરિયા છ માસમાં 380થી 680 ડોલર થઇ જતા અને કોલસાના ભાવો ઉછળતા અહીયા કેટલફીડ-ખાતરોમાં રાયડાખોળ, હાઇ પ્રો સોયા, અને ફયુલમાં કેસ્ટર ડીઓસી, મગફળી ફોતરી જેવી ચીજોમાં ફાટફાટ તેજી થઇ ગઇ છે. હવે બજારોની નજર ચોમાસાના આગમન અને વરસાદ કેવો રહે એના પર છે.

એશિયામાં જૂન-જૂલાઇમાં હળવું અલ નીનો આવી શકે એવા નિર્દેશ અમેરિકી એનઓએએ આપ્યા છે. ઇન્ડોનેશિયાએ બાયોફ્યુલમાં પામતેલ મિકસ 50 ટકા સુધી છુટ આપવાના સંકેત આપતા મલેશિયા પામતેલ વાયદા 4000થી ઉછળી 4900 રિંગિટ થઇ ગયા છે. વૈશ્વિક સ્તરે ખાતર-ક્રુડની તેજી મકાઇ-ઇથાનોલ-કોટન- ખાદ્યતેલો માટે તેજીકારક ગણાય છે.

## નબળો રૂપિયો અને મોંઘુ ક્રૂડ: ભારતના આયાત બિલને બેવડો ફટકો



ભારતનું આયાત બિલ એકસાથે બે મોરચે બેવડા ફટકાનો સામનો કરી રહ્યું છે: નબળો પડતો રૂપિયો અને બ્રેન્ટ ક્રૂડના ભાવમાં તીવ્ર વધારો. ૨૮ ફેબ્રુઆરીએ ઈરાન યુદ્ધ ફાટી નીકળ્યા બાદ પરિસ્થિતિ વધુ વણસી છે, જેણે સપ્લાયમાં વિક્ષેપ અને વૈશ્વિક ઉર્જા માર્ગ ગણાતી હોર્મુઝની સામુદ્રધુની આસપાસ શિપિંગના જોખમો અંગે ભય પેદા કર્યો છે. આ બાબત મહત્વની છે કારણ કે ભારત તેની મુખ્ય આયાતો, ખાસ કરીને તેલ, ઇલેક્ટ્રોનિક્સ, સોનું, ખાતર અને ઔદ્યોગિક મશીનરી માટે મોટાભાગની ચૂકવણી અમેરિકી ડોલરમાં કરે છે. આયાતી ક્રૂડ પર ભારે નિર્ભર દેશ માટે, તેલનો આ આંચકો હવે ચલણની નબળાઈને વધુ જટિલ બનાવે છે, જે વેપાર ખાધ, ફુગાવો અને એકંદર વૃદ્ધિ માટે જોખમ ઊભું કરે છે.

૧ જાન્યુઆરીથી ૨૭ માર્ચની વચ્ચે, બ્રેન્ટ ક્રૂડ પ્રતિ બેરલ ૬૦.૭૫ ડોલરથી તીવ્રપણે વધીને ૧૦૫.૩૨ ડોલર થયું છે, જે લગભગ

**ગ્લોબલ બઝ**

૭૩.૪ ટકાનો વધારો છે. આ જ સમયગાળા દરમિયાન, રૂપિયો યુએસ ડોલર સામે ૮૯.૯૬થી નબળો પડીને ૯૪.૫૯ થયો છે, જે આશરે ૫.૧ ટકાનો ઘટાડો છે. ઈરાન યુદ્ધ પછી દબાણ વધ્યું હતું. ૨૭ ફેબ્રુઆરી અને ૨૭ માર્ચની વચ્ચે, બ્રેન્ટ ૭૨.૪૮ ડોલરથી વધીને ૧૦૫.૩૨ ડોલર થયો, જે લગભગ ૪૫.૩ ટકાનો ઉછાળો છે, જ્યારે રૂપિયો ડોલર સામે ૯૦.૯૫ થી ઘટીને ૯૪.૫૯ થયો, જે ૪ ટકાનો ઘટાડો છે.

રૂપિયો ૨૦૨૫ના મધ્યથી નીચે તરફ જઈ રહ્યો છે અને ડિસેમ્બરમાં ૯૦ના સ્તરને સ્પર્શ્યો હતો. જોકે, આ ઘટાડાએ નાણાકીય ખાધ કે હેડલાઇન ફુગાવાને તરત જ અસ્થિર કર્યો ન હતો કારણ કે કેટલાક પરિબળોએ રક્ષણ પૂરું પાડ્યું હતું. ૨૦૨૫-૨૬ ના કેન્દ્રીય બજેટમાં નાણાકીય ખાધ જીડીપીના ૪.૪ ટકા રહેવાનો અંદાજ હતો, જે ૨૦૨૪-૨૫ ના ૪.૮ ટકાના સુધારેલા અંદાજ કરતા ઓછી હતી, કારણ કે આવકમાં ૧૧.૧ ટકા વૃદ્ધિ જ્યારે ખર્ચમાં ૭.૪ ટકા વૃદ્ધિનું બજેટ રખાયું હતું. બીજા શબ્દોમાં કહીએ તો, કેન્દ્રએ વિનિમય દર પર આધાર રાખવાને બદલે મહેસૂલી વૃદ્ધિ અને ખર્ચના શિસ્ત દ્વારા ખાધનું સંચાલન કરવાનું આયોજન કર્યું હતું. બજેટને વર્ષની શરૂઆતમાં તેલના મધ્યમ ભાવો દ્વારા પણ આંશિક રક્ષણ મળ્યું હતું. ભારતીય બાસ્કેટ ક્રૂડની કિંમત ૨૧ જાન્યુઆરી, ૨૦૨૬ ના રોજ આશરે $૬૩.૫ પ્રતિ બેરલ અને ૧૯ ફેબ્રુઆરી, ૨૦૨૬ ના રોજ $૭૦.૭ હતી – જે ઊંચી હોવા છતાં,

### માત્ર નબળો રૂપિયો પણ આયાત મોંઘી બનાવી શકે છે. ઊંચું ક્રૂડ તે જ કામ કરે છે. જ્યારે બંને એકસાથે આગળ વધે છે, ત્યારે તેની અસર તીવ્ર રીતે વધી જાય છે

૨૦૨૨ માં જોવા મળેલા અત્યંત ઉછાળા કરતા ઘણી ઓછી હતી. બીજું રક્ષણ ખાદ્ય પદાર્થોના ઓછા ભાવોથી મળ્યું હતું. આરબીઆઈના ડેટા દર્શાવે છે કે નવેમ્બર ૨૦૨૫ માં હેડલાઇન કન્ઝ્યુમર પ્રાઇસ ઇન્ડેક્સ (CPI) ફુગાવો ૦.૭ ટકા અને ડિસેમ્બર ૨૦૨૫ માં ૧.૩ ટકા હતો. સીપીઆઈ (CPI)ના બેઝ રિવિઝન પછી પણ, આંકડા અને કાર્યક્રમ અમલીકરણ મંત્રાલયે (MoSPI) ફેબ્રુઆરી ૨૦૨૬ માં હેડલાઇન ફુગાવો ૩.૨૧ ટકા નોંધ્યો હતો, જેમાં ખાદ્ય ફુગાવો ૩.૪૭ ટકા હતો.

જ્યારે ક્રૂડના ભાવ પણ ઉંચા હોય છે ત્યારે નબળો રૂપિયો ભારતની બાહ્ય સંતુલનને વધુ નુકસાન પહોંચાડે છે. આ સંયુક્ત અસર યુક્રેન યુદ્ધના કિસ્સા દ્વારા શ્રેષ્ઠ રીતે સમજી શકાય છે. આક્રમક વ્યાજ દર વધારાને પગલે યુએસ ડોલર મજબૂત થતા ૨૦૨૨ માં રૂપિયો તીવ્રપણે નબળો પડ્યો હતો. આરબીઆઈના ડેટા દર્શાવે છે કે સરેરાશ રૂપિયો-ડોલરનો દર ૨૦૨૧ માં ૭૩.૯૨ હતો તેના પરથી વધીને ૨૦૨૨માં ૭૮.૬૦ થયો હતો, જે લગભગ ૬.૩ ટકાનો ઘટાડો હતો.

તે જ સમયે, વૈશ્વિક બ્રેન્ટ ક્રૂડના ભાવમાં ઉછાળો આવ્યો હતો. યુએસ EIA ડેટા દર્શાવે છે કે બ્રેન્ટ ૨૦૨૧ માં સરેરાશ લગભગ $૭૦.૬૮ પ્રતિ બેરલ અને ૨૦૨૨ માં $૧૦૦.૭૮ હતું, જે આશરે ૪૨.૬ ટકાનો ઉછાળો હતો. માસિક ભાવ જૂન ૨૦૨૨ માં $૧૨૨.૭૧ ની ટોચે પહોંચ્યા હતા. સાથે મળીને, નબળા રૂપિયા અને તેલના ઊંચા ભાવોએ ભારતની આયાત બિલ પર બેવડો ફટકો આપ્યો હતો.

તેલ-રૂપિયાનો આંચકો ફુગાવામાં પણ પરિણમે છે. નબળો રૂપિયો આયાતી ઇંધણ, રસાયણો, ઈલેક્ટ્રોનિક્સ અને ઔદ્યોગિક ઇનપુટ્સની કિંમત વધારે છે અને તે વધારાનો એક ભાગ આખરે ગ્રાહકો પર નાખવામાં આવે છે. માત્ર નબળો રૂપિયો પણ આયાત મોંઘી બનાવી શકે છે. માત્ર ઊંચું ક્રૂડ તે જ કામ કરે છે. જ્યારે બંને એકસાથે આગળ વધે છે, ત્યારે તેની અસર તીવ્ર રીતે વધી જાય છે. જો ક્રૂડ ઊંચું રહેશે અને રૂપિયો નબળો રહેશે, તો ભારતને આગામી મહિનાઓમાં વ્યાપક મેક્રો ઈકોનોમિક ભીંસનો સામનો કરવો પડી શકે છે – જેમાં આયાત બિલ પર દબાણ, વધતી વેપાર ખાધ અને આયાતી ફુગાવાના નવા જોખમો સરકાર અને આરબીઆઈ બંને માટે નીતિ વિષયક પસંદગીઓને જટિલ બનાવશે.

## ઈતિહાસ જોઈએ તો, લાંબા ઘટાડા બાદ શેરબજારમાં મજબૂત રીકવરી જોવા મળે છે

એઆઇ બબલથી આઇટી શેરોની આગેવાનીએ શેરબજારોમાં ભારે ઘટાડા જોવાયા બાદ ઈરાન-ઈઝરાયેલ અને અમેરિકાના યુદ્ધના પગલે ભારતીય સહિત વૈશ્વિક બજારોમાં ભારે ઘટાડો જોવાયો હતો. જેમાં ભારતીય શેરબજારમાં નિફ્ટી ઈન્ડેક્સના શેરોમાં આશરે 33 ટકા સુધીનો ઘટાડો નોંધાયો છે. જે રોકાણકારો કોરોના કાળ બાદની જબરજસ્ત તેજીનો લાભ લેવાનું ચુકી ગયા હોય અને અફસોસ થયો હોય કે આ ઘટાડાનો લાભ લેવાનો રહી ગયો છે, તેઓ માટે આવનારો સમય સોનેરી સાબિત થઈ શકે છે, થોડીક ધીરજ રાખવી પડશે પણ જો આ તકનો લાભ લેશે તો રોકાણકારોને આવનારા સમયમાં પોર્ટફોલિયો ડબલથી વધુ થવાની આશા છે.

નવેમ્બર, 2025થી શરૂ થયેલા ચાર મહિનાનો ઘટાડો માર્ચ, 2026ના પ્રથમ દિવસે સમાપ્ત થયો છે. જ્યારે ઈતિહાસ તરફ નજર કરીએ તો તે દર્શાવે છે કે, આટલા લાંબા ઘટાડા બાદ બજારોમાં ઘણીવાર મજબૂત રીકવરી જોવા મળી છે. જેથી રોકાણકારો હવે ભવિષ્યની સંભાવનાઓ તરફ ધ્યાનકેન્દ્રિત કરે છે.

ઈતિહાસમાં ડોકિયું કરીએ તો નિફ્ટી ફક્ત સાત વખત જ ઈન્ડેક્સ સતત ચાર મહિના કે તેથી વધુ સમય માટે ઘટ્યો છે, જેમાં સૌથી વધુ ઘટાડો સપ્ટેમ્બર 1994થી એપ્રિલ 1995 સુધી સતત આઠ મહિના સુધી ચાલ્યો હતો. રસપ્રદ વાત એ છે કે આ અગાઉના છ કિસ્સામાં ઘટાડાના આગામી વર્ષમાં નિફ્ટીએ સરેરાશ 40.7 ટકા જેટલું વળતર આપ્યું છે. જેથી આ સમયે પણ એવું લાગી રહ્યું છે કે, બજાર યુટર્ન લેવાનું શરૂ કરશે તો નિફ્ટીમાં ઝડપી 40 ટકા સુધીનું વળતર મળી શકે છે. જોકે, સરેરાશ વળતર 20.8 ટકા જ હતું, તે હજુય પણ મજબૂત



અપટ્રેન્ડ દર્શાવે છે. ટુંકાગાળામાં સરેરાશ વધારો ત્રણ મહિનામાં 12.2 ટકા અને છ મહિનામાં આશરે 22.4 ટકાનો હતો. તાજેતરના અહેવાલમાં આ સમયગાળો આગામી કવાર્ટરના કોવિડ પછીની સૌથી મોટી ખરીદીની તક બની શકે છે.

રોકાણકારોએ તેમના પોર્ટફોલિયોને સક્રિયપણે સંતુલિત કરવો જોઈએ. નાણાકીય વર્ષ 2026માં શેરબજારમાં

**કરન્ટ-ટોપિક**

નોંધપાત્ર ઘટાડો જોવા મળ્યો. જેમાં આઠ મુખ્ય નિફ્ટી શેરો લગભગ 33 ટકા ઘટ્યા. આ ઘટાડામાં ટ્રેન્ટ, ટીસીએસ અને અન્ય ફાઈનાન્સીયલ અને એફએમસીજી કંપનીઓનો સમાવેશ થાય છે. આ ઘટી ગયેલા ભાવો અને લાર્જકેપની સારી કંપનીઓને પોર્ટફોલિયોમાં સમાવેશ કરવો જોઈએ, જે ઝડપી રીકવર થવાનો આશાવાદ છે. આઈટી કંપનીઓ ઉપર વોચ રાખવી એઆઈની સ્થિતિ સ્પષ્ટ ન થાય ત્યાં સુધી રાહ જોવી જોઈએ.

નાણાકીય વર્ષ 2026માં શેરબજારમાં નોંધપાત્ર અસ્થિરતા જોવા મળી. કેટલાક ક્ષેત્રોમાં મજબૂતી

### ચાર મહિનાના સતત ઘટાડા બાદ નિફ્ટીમાં 40 ટકા સુધીનો ઉછાળો જોવા મળી શકે- કોરોના કાળમાં ચૂકી ગયેલા રોકાણકારો માટે આ સમયગાળો ફરી તક આપી રહ્યો છે

જોવા મળી, જ્યારે નિફ્ટીના કેટલાક શેરોમાં નોંધપાત્ર ઘટાડો જોવા મળ્યો. તાજેતરના ડેટા અનુસાર, ટોચના 8 નિફ્ટી શેરોમાં સૂચિબદ્ધ કંપનીઓના શેરમાં આશરે 33 ટકાનો ઘટાડો થયો છે, જે રોકાણકારોના વિશ્વાસમાં નબળાઈ દર્શાવે છે. આ ઘટાડા માટે મુખ્ય કારણો વૈશ્વિક બજારમાં અનિશ્ચિતતા, તેલના ઊંચા ભાવ, વિદેશી રોકાણકારો દ્વારા નફાની બુકિંગ, રૂપિયાનું અવમૂલ્યન, ભૂ-રાજકીય તણાવ અને અન્ય પરિબળો હોવાનું માનવામાં આવે છે.

તાજેતરના મહિનાઓમાં, નિફ્ટીમાં આશરે 14.8 ટકાનો ઘટાડો જોવા મળ્યો છે. આ ઘટાડો સતત ચાર મહિના સુધી ચાલુ રહ્યો, જેના કારણે રોકાણકારોનો વિશ્વાસ નબળો પડ્યો. જોકે, આ ઘટાડાને હવે બજારમાં મૂડીરોકાણ બિંદુ માનવામાં આવી રહ્યું છે. એક એવો સમય જ્યારે મોટાભાગના નબળા રોકાણકારો બહાર નીકળી જાય છે અને બજાર સ્થિર થવાનું શરૂ થાય છે. આવા સમયગાળા દરમિયાન, વરિષ્ઠ અને અનુભવી રોકાણકારો ધીમે ધીમે બજારમાં રોકાણ કરવાનું શરૂ કરે છે. તેઓ માને છે કે ઘટાડા પછી, શેર પ્રમાણમાં સસ્તા હોય છે અને ભવિષ્યમાં વધુ સારા વળતરની સંભાવના છે. આ જ કારણ છે કે તેઓ તેમાં ઉતાવળ કરવાને બદલે ધીમે ધીમે તેમના રોકાણમાં વધારો કરે છે.

આ અંગેના ડેટા સ્પષ્ટ વલણ દર્શાવે છે, જેટલો લાંબો ઘટાડો, તેટલું મજબૂત વળતર. જ્યારે એક મહિનાના ઘટાડાથી સરેરાશ એક વર્ષનું વળતર 22.4 ટકા મળ્યું, ત્યારે ચાર મહિના કે તેથી વધુના ઘટાડાથી આ વળતર લગભગ બમણું થઈને 40.7 ટકા થયું.

ઐતિહાસિક ડેટા પણ પુષ્ટિ આપે છે કે લાંબા ઘટાડા પછી બજારમાં સારી તકો ઊભી થાય છે. જાન્યુઆરી 1991માં પૂરા થયેલા ચાર મહિનાના ઘટાડા પછી, આગામી એક વર્ષમાં નિફ્ટી 117.9 ટકા વધ્યો. ઓગસ્ટ 1998થી, નિફ્ટીએ 65.6 ટકા વળતર પ્રાપ્ત કર્યું છે. ફેબ્રુઆરી 2025માં પૂરા થયેલા સૌથી તાજેતરના સમયગાળામાં, વાર્ષિક ધોરણે આશરે 13.8 ટકા વળતર જોવા મળ્યું છે. જોકે, રિકવરી હંમેશા તાત્કાલિક હોતી નથી. ઉદાહરણ તરીકે, 1998માં, છ મહિનાનો વધારો ફક્ત 10.4 ટકા હતો, પરંતુ વર્ષના અંત સુધીમાં, આ વધારો 65.6 ટકા સુધી પહોંચી ગયો હતો. આનો અર્થ એ છે કે રોકાણકારોએ ધીરજ રાખવાની જરૂર છે.

## મધ્યમ વર્ગે ધનવાન બનવા માટે કેટલીક ભૂલો ટાળવી જોઈએ

ઇરાન-ઇઝરાયેલ અને અમેરિકાનું યુદ્ધ ચાલી રહ્યું છે, જેમાં હોર્મુઝ સામુદ્રધુનિના લીધે અવનજવન ખોરવાઇ ગઇ હોવાથી ક્રુડ ઓઇલના ભાવો આસમાને પહોંચી ગયા છે. જેના લીધે વિશ્વભરના શેરબજારોમાં કડાકા ભડાકા જોવા મળ્યા છે અને તે ભડાકાના લીધે રોકાણકારોના રોકાણ ભૂંસાવા લાગ્યા છે. ખાસ કરીને ઝડપી લાભ લેવાના હેતુથી નાના અને મધ્યમ વર્ગીય રોકાણકારોને મોટો ફટકો પડી રહ્યો છે. રોકાણકારો પોતાના રોકાણનું પોઝિટિવ વળતર નહીં મળવાના કારણે દેવાના બોજમાં ડુબવા લાગે છે.

આ તબક્કે રોકાણકારોએ શ્રીમંત બનવા માટે કેટલીક ભુલો કરે છે, તે ભુલોને ટાળે અને થોડોક સંયમ રાખે તો તેઓ ધનવાન બની શકે છે. આ સંદર્ભમાં દિગ્ગજ રોકાણકાર વોરેન બફેટે પોતાનો અનુભવ રજૂ કર્યો છે.

વિશ્વના અગ્રણી રોકાણકાર વોરેન બફેટ માને છે કે આર્થિક કટોકટી અચાનક આવતી નથી. તે નાની અને અવગણવામાં આવેલી ભૂલોથી શરૂ થાય છે, જે ધીમે ધીમે બચતને નબળી પાડે છે. દાયકાઓના અનુભવના આધારે તેઓ કહે છે કે જો લોકો આ સામાન્ય જાળને ટાળશે તો લાંબા ગાળે મજબૂત આર્થિક સ્થિરતા પ્રાપ્ત કરી





શકાય છે.

મધ્યમ વર્ગ પોતાના સપનાઓને પુરા કરવા માટે બેન્કો તથા ફાઇનાન્સ કંપનીઓની જાળમાં ફસાઇ જાય છે.

### ઝડપી શ્રીમંત બનવા માટે મધ્યમ વર્ગ ભુલોની સાથે ધીરજ ગુમાવે છે અને વધુ ખર્ચ કરે છે, જે નુકશાની કરાવે છેઃ વોરેન બફેટ

જેમાં ક્રેડિટ કાર્ડનું વ્યાજ મધ્યમ વર્ગ માટે સૌથી ખતરનાક ભુલો છે. જો કોઇ વ્યક્તિ 18 ટકા અથવા તેથી વધુ વ્યાજ ચુકવે છે, તો તે સીધો તેની કમાણીનો મોટો ભાગ ગુમાવી રહ્યો છે. જેથી મધ્યમ વર્ગના લોકોએ પોતાના સપના માટે એક તબક્કે ખરીદી કરી લે છે, પણ ચુકવવામાં વધુ વ્યાજ ચુકવશે તો તેમાં ખરીદનારને મોટો ભાગ માત્ર વ્યાજમાં જ ચુકવવામાં આવશે. આ સંદર્ભમાં વોરેન બફેટનું માનવું છે કે, કોઇપણ રોકાણકાર સતત 18 ટકાથી વધુ વળતરની બાયંધરી આપી શકશે નહીં. આવી સ્થિતિમાં રોકાણ કરતા પહેલા મોંઘા દેવું ચુકવવું સમજદારી છે. તેઓ માને છે કે વ્યાજનું ચક્ર જેટલું વેહલું તુટે છે, તેટલું સારૂ છે.

દરેક વ્યક્તિને ધનવાન બનવું હોય છે, જેમાં ધીરજ ગુમાવતા હોય છે, ત્યારે સંપત્તિ વધવાની જગ્યાએ ખોટા નિર્ણયોથી ઘટે છે. ખાસ કરીને વટવૃક્ષ બનતા સમય લાગે છે અને પછી છાંયડો આપે છે, તે જ રીતે સંપત્તિ પણ ધીમે ધીમે જ વધે છે.

મધ્યમ વર્ગના લોકો ઝડપી શ્રીમંત બનવા માટે પહેલા ખર્ચ કરે છે અને જે બાકી રહે છે તેનું રોકાણ કરે છે. જ્યારે વોરન બફેટની સલાહ મુજબ પદ્ધતિ ઉલટી છે, જેમાં પહેલા રોકાણ કરો અને પછી પૈસા બચે તો ખર્ચ કરવાની યોજના બનાવો. એટલું જ નહીં, તમારી જરૂરિયાતને અનુરૂપ

**ઓફ-બીટ**

મકાન ખરીદવું જોઇએ. ઘણા પરિવારો જરૂરિયાત કરતા મોટું મકાન લે છે અને જેના માટે લોન ઉપાડે છે અને પછી મોટા ઇએમઆઇ ભરે છે, જેથી આવકનો મોટો ભાગ ઇએમઆઇમાં જાય છે અને રોકાણની તકો ઓછી થાય છે. વોરેન બફેટ હજુય પણ એક સાધારણ મકાનમાં રહે છે જે તેણે 1958માં ખરીદ્યું હતું, તેમના માટે ઘર રહેવાની જગ્યા છે, તેમાં ખર્ચ કરવાના બદલે રોકાણ કરવામાં ખર્ચ કરવો જોઇએ. આવી જ રીતે કાર તથા અન્ય વાહનોની જરૂરિયાત અનુસારની જ ખરીદી કરવી જોઇએ. જેનાથી બોજો ઓછો થાય છે અને આવકનો મોટો હિસ્સો રોકાણમાં ફળવાય છે, જે ભવિષ્યમાં વધુ રકમ વળતર તરીકે મળી શકે છે.